# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૮/૨૦૨૬

.....................................................................................................................................

**વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સભા આજ તા.૨૧/૦૮/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ચેરમેનશ્રીના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકા મુખ્ય કચેરીના બીજા માળે સભાખંડમાં એજન્ડાના કામોના નિકાલ માટે મળી.**

**જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહેલ હતા**

હાજર/ગેરહાજર રહેલ સભ્યશ્રીઓ

| અનુ.નં | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | શ્રી સતિષભાઈ ગંગારામભાઈ પટેલ | ચેરમેનશ્રી | હાજર |
| ૨ | શ્રી સંદિપભાઇ અમૃતભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૩ | શ્રી યોગેશભાઇ રામુભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪ | શ્રી કૌશિક પ્રલાદભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫ | શ્રીમતી સુનિતા ઉમેશચંદ્ર તિવારી | સભ્યશ્રી | રજા રીપોર્ટ |
| ૬ | શ્રી દેવેન્દ્ર લલ્લુભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૭ | શ્રીમતી દેવલ દિપકભાઇ દેસાઇ | સભ્યશ્રી | હાજર |
| ૮ | તસ્લીમ સુલ્તાન બાબુલ | સભ્યશ્રી | હાજર |
| ૯ | શ્રી ભવલેશ જીવરાજભાઇ કોટડીયા | સભ્યશ્રી | હાજર |
| ૧૦ | શ્રીમતી મનીશાબેન દિનેશભાઇ દાયમા | સભ્યશ્રી | હાજર |
| ૧૧ | શ્રીમતી ટીનાબેન ભુપેન્દ્રભાઇ હળપતિ | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | શ્રીમતી જેતલ મંગેશ પટેલ | સભ્યશ્રી | હાજર |

આજની સભામાં કોરમ થવાથી સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. સભ્યશ્રીનો રજારીપોર્ટ વંચાણે લઇ તેઓની રજા મંજુર રાખી સભાની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**કામ નં. ૦૧ - વાપી મહાનગરપાલિકાની તા.૧૩/૦૮/૨૦૨૬ના રોજની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૧૩/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે વાપી મહાનગરપાલિકા મુખ્ય કચેરીના બીજા માળે સભાખંડમાં મળી હતી. જે સ્થાયી સમિતિની મીટીંગમાં લેવામાં આવેલ કુલ કામ નં.૦૧ થી ૧૭ અન્વયે થયેલ ચર્ચા વિચારણા બાદ સ્થાયી સમિતિમાં લેવામાં આવેલ નિર્ણય અર્થે થયેલ ઠરાવ નં.૯૪ થી ૧૧૦ ને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૧**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૮/૨૦૨૬

……………………………………………………………………………………………………………………

**કામ નં. ૦૨ - પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત AHP (green field) પ્રોજેક્ટનાં DPR ને મંજુર કરવા બાબત.**

પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦ અંતર્ગત શહેરી વિસ્તારના ગરીબ લોકોને એફોર્ડેબલ કિંમતમાં પોતાના સપનાનું ઘર મળી રહે તે હેતુથી AHP((green field) પ્રોજેક્ટ હેઠળ મોજે બલીઠા વાપી ખાતે સર્વે નંબર 704 જેનું ક્ષેત્રફળ 3565 ચો.મી વાળી જગ્યા ઉપર EWS-1 ટાઇપનાં કૂલ 144 Du's આવાસો અને 10 દુકાનો બનાવવાનું વાપી મહાનગરપાલિકા દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં "સૌને પોતાના સપનાનું ઘર મળી રહે તેવા ઉમદા હેતુ થી આપણા દેશનાં માન.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબશ્રી દ્વારા તા.૧૭-૦૯-૨૦૨૪ ના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ લોન્ચ કરવામાં આવી. આ યોજના અંતર્ગત કૂલ ચાર ઘટકો છે. જેમાં (1) BLC(Beneficiary Led Construction) ઘટક અંતર્ગત લાભાર્થીને પાકું ઘર બનાવવા માટે સરકારશ્રી દ્વારા ૪ લાખની સહાય મળે છે. ત્યાર બાદ (2)AHP(Affordable Housing in Partnership )ઘટક અંતર્ગત શહેરી ગરીબોને આર્થિક રીતે પરવડી શકે તેવા આવાસો બનાવીને કોમ્પ્યુટર રાઈઝ ડ્રો કરીને ફાળવામાં આવે છે. ત્યાર બાદ (3) ARH(Affordable Rental Housing) ઘટક હેઠળ જુના ખાલી પડેલ આવાસોને નવનિર્માણ કરી ભાડાપેટે આપવામાં આવે છે, ત્યાર બાદ (4)ISS(Interest Subsidy Scheme) ઘટક અંતર્ગત લાભાર્થીએ લોન પર પોતે ખરીદેલા ઘર પર સરકારશ્રી દ્વારા મહત્તમ ૧.૮૦ લાખ સુધીની સબસીડી આપવામાં આવે છે.

વધુમાં, વાપી મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસિંગ વિભાગ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત AHP-(Green field)ઘટક દ્વારા આગામી સમયમાં વાપીનાં નગરજનોને આર્થિક રીતે પરવડી શકે તેવા આવાસોનું નિર્માણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, આ AHP-(Green field)ઘટક વિશે ટૂંકી માહિતીમાં જણાવીએ તો આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીનું ભારત ભરમાં કશે પાકું મકાન ધરાવતા ન હોય તથા લાભાર્થીની વાર્ષિક આવક રૂ.3 લાખ થી ઓછી હોય તથા લાભાર્થી પરણીત હોય તેવા લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકે છે.

વધુમાં ઉપરોકત પ્રોજેક્ટનું આયોજન મોજે બલીઠા વાપી ખાતે EWS-1 ટાઇપના આવાસ બનાવામાં આવશે. જેનો કાર્પેટ એરિયા 35 ચો.મી(1 BHK) હશે તથા આવાસની મહત્તમ કિંમત રૂ.૭ લાખ હશે. જેનો સીધો લાભ શહેરનાં આર્થિક રીતે મધ્યમ તથા ગરીબ લોકોને મળશે વધુમાં આ યોજનાના લાભથી લાભાર્થીના જીવનશૈલીમાં ઘણો સુધારો આવશે. તથા આ ઉપરોક્ત આવાસનો લાભ લેવા માટે લાભાર્થી દ્વારા અરજી સાથે ડીપોઝીટ પેટે રૂ.૭,૫૦૦ નો DD (Demand Draft) અત્રે જમા કરાવવાના રહેશે.સદરહુ AHP((green field) પ્રોજેક્ટ અગત્યનો હોવાથી અગામી સામાન્ય સભાની બહાલીની અપેક્ષાએ DPR મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આગળની કાર્યવાહી તથા અમલવારી કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

| Sr. | Location Of Project | Survey No | Total Area Of Land | Total DU's | Central Share | State Share | ULB Share (In lakh) | Beneficiary share (In lakh) | Total Project Cost(In lakh) | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Balitha,Vapi | 704 | 3565 Sq.Mt | 144 DU's 10 Shop | 216.00 | 288.00 | 387.57 | 1008.00 | 1899.57 | જમીન હાલે Mexus Corporation Private Limited ચાલી આવેલ છે જે વાપી મહાનગરપાલિકાના નામે સુપ્રત થયેથી આ પ્રોજેક્ટ અમલમા આવશે. |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૨**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૮/૨૦૨૬

**કામ નં. ૦૩ - વાપી મહાનગરપાલિકાના UCD વિભાગની તા.૧૪/૦૮/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ જુલાઈ-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત**

વાપી મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિગત અનુસાર પત્રક-અ મુજબ કુલ-૦૩ કામના થયેલ/થનાર કુલ રૂા. ૨૫,૯૫૪/- તથા પત્રક-બ મુજબ કુલ-૦૨ કામના થયેલ/થનાર કુલ રૂા. ૬,૧૨૫/- ના ખર્ચની તે સાથે સામેલ વિગત અનુસાર સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીથી કરાવેલ કામોએ થયેલ રૂા.૧૦૦૦/- કરતા વધુ રકમના થયેલ/થનાર ખર્ચ તથા રૂા.૫૦૦૦/-થી વધુ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક UDUHD/MSM/e-file/18/2025/0773/P Section તા.૧૨.૦૨.૨૦૨૫થી રૂ.૫૦૦૦૦૦/- સુધીની રકમના થયેલ/થનાર ખર્ચની ધી.જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૭૩(ઘ)(ઊ) અન્વયે સ્થાયી સમિતિને જાણ કરવાની થાય છે. જેને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | ખાતાનું નામ | પત્રક-અ | | પત્રક-બ | |
|---|---|---|---|---|---|
| | | કામની સંખ્યા | ખર્ચ રૂ./- | કામની સંખ્યા | ખર્ચ રૂ./- |
| ૧ | UCD વિભાગ | ૦૩ | ૨૫,૯૫૪ | ૦૨ | ૬,૧૨૫ |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૩**

**કામ નં. ૦૪ - વાપી મહાનગરપાલિકાના ફાયર વિભાગની તા.૦૪/૦૮/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ જુલાઈ-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત**

વાપી મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિગત અનુસાર પત્રક-અ મુજબ કુલ-૦૯ કામના થયેલ/થનાર કુલ રૂા. ૧,૨૪,૫૧૮/- તથા પત્રક-બ મુજબ કુલ-૦૩ કામના થયેલ/થનાર કુલ રૂા. ૨૫,૦૨૦/- ના ખર્ચની તે સાથે સામેલ વિગત અનુસાર સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીથી કરાવેલ કામોએ થયેલ રૂા.૧૦૦૦/- કરતા વધુ રકમના થયેલ/થનાર ખર્ચ તથા રૂા.૫૦૦૦/-થી વધુ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક UDUHD/MSM/e-file/18/2025/0773/P Section તા.૧૨.૦૨.૨૦૨૫થી રૂ.૫૦૦૦૦૦/- સુધીની રકમના થયેલ/થનાર ખર્ચની ધી.જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૭૩(ઘ)(ઊ) અન્વયે સ્થાયી સમિતિને જાણ કરવાની થાય છે. જેને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | ખાતાનું નામ | પત્રક-અ | | પત્રક-બ | |
|---|---|---|---|---|---|
| | | કામની સંખ્યા | ખર્ચ રૂ./- | કામની સંખ્યા | ખર્ચ રૂ./- |
| ૧ | ફાયર વિભાગ | ૦૯ | ૧,૨૪,૫૧૮ | ૦૩ | ૨૫,૦૨૦ |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૪**

FOR INFORMATION PURPOSE

# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

## તા.૨૧/૦૮/૨૦૨૬

**કામ નં. ૦૫ - વાપી મહાનગરપાલિકાના સેનીટેશન વિભાગના સાધનોની હરાજી કરવાના કામ માટે આવેલ ટેન્ડર મંજુર કરવા બાબત.બીજો પ્રયત્ન (ટેન્ડર આઈડી-૩ ૨૨૭૩૭)**

વાપી મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગના સાધનોની હરાજી માટેનું ટેન્ડર તા.૧૦.૦૭.૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. ડાઉનલોડ કરવાની આખરી તારીખ-૨૦/૦૭/૨૦૨૫ સાંજે ૦૫.૦૦ કલાક સુધી રાખવામા આવેલ હતી. જે કામ કરવાના ભાવો મંગાવવામાં આવેલ હતા. જે કામે શ્રી શ્યામ ક્રીએશનના ભરેલા ભાવ નીચે મુજબ છે.

| Item No. | Item Description | Qty | Tender Quoted Rate |
|---|---|---|---|
| 1 | વાપી મહાનગરપાલિકાના સેનીટેશન વિભાગના સાધનોની હરાજી કરવાનું કામ.બીજો પ્રયત્ન (ટેન્ડર આઈડી-૩૨૨૭૩૭) | 1 Nos. | 9500/- |

ઉપરોક્ત કામે બીજા પ્રયત્ને આવેલ સિંગલ ભાવપત્રકના ભાવ ભાવ મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આ અંગે આગળની કાર્યવાહી તથા અમલવારી કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે. તથા કરાર કરવાની સત્તા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૫**

**કામ નં. ૦૬ - પાણી વિભાગમાં વાલ્વમેન તથા ઇલેક્ટ્રિશિયનની જગ્યાઓ મંજૂર કરવા, પગારધોરણ નક્કી કરવા બાબત.**

પાણી વિભાગની તા.૧૨/૦૮/૨૦૨૬ ની મળેલ નોંધ મુજબ વાપી મહાનગરપાલિકાના વિસ્તારમાં પાણી પુરવઠાના સુચારુ સંચાલન, જાળવણી અને પાણી વિતરણ માટે પૂરતા માનવબળની જરૂરિયાત રહે છે.

વધુમાં પાણી વિભાગમાં હાલમાં ૧ વાલ્વમેન નિવૃત્ત થવાના કારણે વિતરણ વ્યવસ્થામાં મુશ્કેલી પડી રહી છે તેમજ નવા સમાવિષ્ટ વિસ્તારો/ગામોની ટાંકી અને સંપ પર મોટરોની જાળવણી માટે ઇલેક્ટ્રિશિયનની આવશ્યકતા છે. જેથી પાણી વિભાગ દ્વારા નીચે મુજબની જગ્યાઓ માટે સ્ટાફની માંગણી કરવામાં આવેલ છે.

૧. વાલ્વમેન (વાપી ઈસ્ટ): ૦૨ (બે) જગ્યાઓ
૨. વાલ્વમેન (વાપી વેસ્ટ): ૦૨ (બે) જગ્યાઓ
૩. ઇલેક્ટ્રિશિયન (ઈસ્ટ અને વેસ્ટ): ૦૧ (એક) જગ્યા

વધુમાં પાણી પુરવઠા વિભાગની જરૂરિયાત ધ્યાને લઈ ઉપરોક્ત દર્શાવેલ સંવર્ગ સામે ૦૫ (પાંચ) જગ્યાઓ મંજૂર કરવા કે કેમ ? તેમજ ભરતીનો પ્રકાર (આઉટસોર્સ/કરાર) નક્કી કરવા કે કેમ ? તેમજ તે માટેનું પગારધોરણ નક્કી આપવા, વધુમાં આઉટસોર્સથી સદર સંવર્ગની જગ્યા મંજૂર કરવામાં આવે તો આઉટસોર્સ મારફતે CTC નક્કી આપવા તથા સદર સંવર્ગ મંજૂર કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સમક્ષ મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી.

- જે અન્વયે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા વાપી મહાનગરપાલિકાના પાણી વિભાગ ધ્વારા સામેલ દરખાસ્ત મુજબ ૦૪ (ચાર) વાલ્મેન અને એક વાયરમેન ની જરૂરીયાત દર્શાવેલ છે. અત્રે થી મંજુર કરવામાં આવેલ HR આઉટ સોર્સિંગ એજન્સીમાં વાલ્મેનની જગ્યા મંજુર થયેલ નથી. જેથી જો લેવાના થાય તો તેઓને ૧૧ માસના કરાર આધારિત લેવાના થાય તેમ છે. હાલમાં વર્ગ-૪ ના અન્ય કર્મચારીઓને આપવામાં આવતા પગાર મુજબ મીનીમમ લઘુત્તમ મર્યાદા મુજબ વાલ્મેનને રૂ.૧૫૦૦૦/- આપી શકાય તેમ છે. તથા વાયરમેનને આઉટસોર્સિંગ એજન્સી/કરાર આધારિત તેઓના મંજુર થયેલ CTC મુજબ રૂ.૧૫૦૦૦/- નું ચૂકવણું કરવાનું થાય છે. જે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. જે સદરહુ બાબતની જરૂરિયાત ધ્યાને લેતા વાલ્મેન તથા વાયરમેનને આઉટસોર્સિંગ એજન્સી અને/અથવા ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે માસિક રૂ.૧૫૦૦૦/-થી લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. વધુમાં આજની સભામાં ચર્ચા દરમ્યાન એક પ્યુન(પટાવાળા)ની જરૂરિયાત જણાય એમ છે. જેથી ૧ પ્યુન(પટાવાળા)ને આઉટસોર્સિંગ એજન્સી મારફતે તેઓના મંજુર થયેલ CTC મુજબ લેવાનું તથા જરૂરી ચુકવણું કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૬**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૮/૨૦૨૬

..............................................................................................................................................

**કામ નં. ૦૭ - વાપી મહાનગરપાલિકા ખાતે ચાર નવા SSI કર્મચારીઓ આઉટસોર્સિંગથી લેવા બાબત.**

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં-KV-11 of 2025 UDUHD/COC/e-file/18/2024/6141/P Section Dt.01-01-2025 થી તત્કાલિન વાપી નગરપાલિકા અને આજુબાજુ આવેલ કુલ-૧૧ ગામોનો સમાવેશ કરી નવરચિત વાપી મહાનગરપાલિકાની રચના કરવામાં આવેલ છે. સર્વે વાપી મહાનગરપાલિકા નો કૂલ વિસ્તાર ૭૨.૭૪ કિ.મી. નો છે જેમાં કૂલ ૧૩ વોર્ડ ની રચના થયેલ છે. હાલ વાપી મહાનગરપાલિકામાં કૂલ ૧૩ વોર્ડ ના કૂલ ૧૩ SSI કરાર આધારિત/ આઉટસોર્સિંગ થી ભરવામાં આવેલ છે અને બે ઝોન માટે બે ડા ભરેલ છે.

હાલ સેનીટેશન વિભાગની રજૂઆત મુજબ વોર્ડનો વિસ્તાર તથા ભોગોલિક પદ્ધતિના આધારે વધારાના ચાર SSIની જરૂરિયાત જણાયેલ છે. જેથી સેનીટેશન વિભાગ દ્વારા રજુ કરેલ નોંધ તથા માન. મ્યુનિસિપલ કમિશનર તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર ની મળેલ મંજૂરીથી જુરુરિયાત મુજબ નવા વધારાના ચાર SSIની જરૂરિયાત દર્શાવેલ છે.

આમ, વાપી મહાનગરપાલિકાના આઉટસોર્સિંગ એજન્સીથી નવા ચાર SSI ની જગ્યા માટે Rs.25000 CTC થી ભરી શકાઈ તેમ છે. આમ, ઉપરોક્ત બાબતે વધારાના ચાર SSI આઉટ સોર્સિંગથી ભરવા સર્વાનુમતે મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૭**

**કામ નં. ૦૮ - ચેરમેન સ્થાનેથી રજુ થતા કામો બાબત.**

વાપી મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯/૦૮/૨૦૨૬ના રોજ રજુ કરેલ દરખાસ્ત મુજબ ચાલુ વર્ષ ૨૦૨૬ દરમ્યાનના ધાર્મિક તહેવારો જેવા કે પવિત્ર શ્રાવણ માસના સોમવાર, રક્ષાબંધન અને જન્માષ્ટમી તેમજ પર્યુષણ પર્વ, ગણેશ ચતુર્થી, શ્વેતામ્બર જૈન સંવત્સરી અને અનંત ચૌદશ(દિગંબર જૈન સંવત્સરી) નિમિતે વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા કતલખાનાઓ તથા વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં માંસ-મચ્છી-મટનની દુકાનો બંધ રાખવાનું તેમજ જીવતા પશુ-પક્ષીઓની કતલ અને વેચાણ પર સંપુર્ણ પ્રતિબંધ કરવા બાબતે રજુ કરવામાં આવેલ છે. જે બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા ચાલુ વર્ષ-૨૦૨૬ માટે જૈન પર્યુષણ પર્વ નિમિત્તે પર્યુષણ પર્વના દિવસો દરમ્યાન વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા તમામ કતલખાનાઓ સદ્દન્તર બંધ રાખવાનું તથા વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં માંસ-મચ્છી-મટનની દુકાનો સદ્દન્તર બંધ રાખવાનું તેમજ જીવતા પશુ-પક્ષીઓની કતલ અને વેચાણ પર સંપુર્ણ પ્રતિબંધ મુકવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આ અંગે જરૂરી પ્રચાર પ્રસાર કરવા માટે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૮**

-સહી-
(સતીષભાઈ ગંગારામ પટેલ)
ચેરમેન,સ્થાયી સમિતિ
વાપી મહાનગરપાલિકા

FOR INFORMATION PURPOSE